# પાલનપુર નગરપાલિકા દ્વારા ૭૦ આઈસોલેટેડ સોસાયટીને પાલિકામાં સમાવવાનો નિર્ણય

## અંદાજીત ૫૦૦૦ પ્રજાજનોને નગરપાલિકાની ચૂંટણીમાં મતાધિકારનો હક મળશે

પાલનપુરમાં આબુ હાઈવેની પશ્ચિમ દિશા તરફની ૭૦ સોસાયટીઓ આઈસોલેટેડ (પાલિકા હદ બહાર) છે. આ વિસ્તારને નગરપાલિકામાં સમાવવા માટે આઠ વર્ષ ઉપરાંતથી -જા માંગ છે. દરમિયાન નગરપાલિકાની સાધારણ સભામાં આઈસોલેટેડ વિસ્તારને પાલિકામાં સમાવેશ કરવા ઠરાવ કરાયો છે. જો ગુજરાત નગરપાલિકા નિયામક દ્વારા મંજૂરીની મહોર મારવામાં આવે તો નગરપાલિકા તેમજ -જાજનોને અનેક લાભ થશે.

પાલનપુર શહેરમાં એરોમા સર્કલથી આરટીઓ ચેકપોસ્ટ ચાર રસ્તા સુધી પશ્ચિમ દિશા તરફ આવેલા વિસ્તારની નગરપાલિકા હદ બહાર ગણના થાય છે. અહીયા ઈન્દ્ર-સ્થ, ગોલ્ડનપાર્ક, શાંતિ નિકેતન, નિલકંઠ, પાર્થ, ગુરૂકૃપા ભાગ-૧ અને ૨, હરસિદ્ધિનગર, સુંદરવન, નંદનવન, નક્ષત્ર સહિતની ૭૦ ઉપરાંત સોસાયટીમાં વસવાટ કરતાં રહીશો પાલિકામાં સમાવષ્ટિ થવા માટે છેલ્લા આઠ વર્ષથી રાહ જોઈ રહ્યા છે. દરમિયાન તાજેતરમાં યોજાયેલી સાધારણ સભામાં આઈસોલોટેડ વિસ્તારને નગરપાલિકામાં સમાવેશ કરવાનો ઠરાવ કરાયો છે. આ દરખાસ્તને ગાંધીનગર નગરપાલિકા નિયામક દ્વારા મંજૂરીની મહોર મારવામાં આવશે તો નગરપાલિકા તથા રહીશોને અનેક લાભ થશે.

આઈસોલેટેડ વિસ્તારની ૭૦ સોસાયટીઓમાં અંદાજિત ૧૦૦૦ ઉપરાંત મકાનો આવેલા છે. તેમજ પાંચ હજાર ઉપરાંત -જાજનો વસવાટ કરે છે. જો આ વિસ્તારનો પાલિકામાં સમાવેશ થાય તો પાલિકાને વિવિધ કરવેરારૂપે વાર્ષિક અડધો કરોડની આવક થશે. ૭૦ સોસાયટીના રહીશો પાલિકા હદ બહાર વસવાટ કરતા હોવાથી તેઓ પાલિકાની ચૂંટણીમાં મતદાન તેમજ ઉમેદવારી કરી શકતા નથી. પણ જો આ વિસ્તારનો પાલિકામાં સમાવેશ કરવામાં આવે તો યુવાનેતાઓના ચૂંટણી લડવાના અભરખા પુરા થશે.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)


# ખેડબ્રહ્માની જનરલ હૉસ્પિટલમાં ડૉક્ટરોની ખાલી જગ્યાઓના કારણે ગરીબ દર્દીઓને હાલાકી

## તબીબી અધિકારીઓની સાત જગ્યાઓ દોઢ વર્ષથી મંજુર થઈ હોવા છતાં નિમણૂકના અભાવે લોકોને આર્થિક નુકસાન

ખેડબ્રહ્મા, તા. ૧૯

ખેડબ્રહ્મા જનરલ હૉસ્પિટલમાં ઘણા લાંબા સમયથી તબીબી અધિકારીઓ - વહીવટી કર્મચારીઓ તથા વોર્ડ સર્વન્ટની ૩૨ જગ્યાઓ ખાલી હોવાથી ગરીબ - આદિવાસી પ્રજાને આરોગ્યલક્ષી સેવાઓ મેળવવામાં હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. મોટા ભાગના દર્દો માટે ખાનગી હૉસ્પિટલોનો આશરો લેવો પડતો હોઈ દર્દીઓને આર્થિક બોજો વેઠવો પડે છે. આ ખાલી જગ્યાઓ સત્વરે ભરાય અને ગરીબ દર્દીઓને એક જ જગ્યાએ તબીબી સેવાો મળે તેવી પંથકમાં માંગ ઉઠવા પામી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલનું કુલ મહેકમ ૮૯નું છે તેમાં ૩૨ જગ્યાઓ ખાલી છે. તબીબી અધિકારીઓ - વહીવટી કર્મચારીઓ તથા વોર્ડ સર્વન્ટની જગ્યાઓ ખાલી હોવાથી ગરીબ દર્દીઓને આરોગ્યલક્ષી સેવાઓ માટે સવાલ ઉભા થયા છે. જેમાં મનોરોગ ચિકિત્સક - પેડીયાટ્રીશિયન, ડરમેટોલોજીસ્ટ, પેથોલોજીસ્ટ, રેડીયોલોજીસ્ટ, ઓર્થોપેડીક અને નેત્ર સર્જનની મળી કુલ સાત જગ્યાઓ સર્ટીઆર-૨૦૧૧માં મંજુર કરવામાં આવી છે.


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

દોઢ વર્ષના સમયગાળા પછી પણ આ અગત્યને તબીબી સેવાઓની જગ્યાઓ ખાલી હોવાથી પંથકની ગરીબ પ્રજાને પરેશાની ભોગવવી પડે છે અને ખાનગી હૉસ્પિટલમાં સારવાર માટે ફરજીયાત જવું પડતું હોઈ આર્થિક નુકસાન પણ થઈ રહ્યું છે. વળી અકસ્માતમાં સામાન્ય ઈજાગ્રસ્ત દર્દીઓને પણ પાટાપીંડી કરી વધુ સારવાર માટે મોટા ભાગે હિંમતનગર રીફર કરવામાં આવે છે. જેથી દર્દીઓને આર્થિક નુકસાન ભોગવવાનો વારો આવે છે. વોર્ડ સર્વન્ટની ૧૧ જગ્યા મંજુર થઈ છે તેમાં સાત જગ્યાઓ ખાલી છે જેથી ઈનડોર દર્દીઓની સારવારમાં વિલંબ થવા પામે છે.

આ હૉસ્પિટલમાં તબીબી અધિકારીઓને બેસવાની જગ્યાનો પણ અભાવ છે જેથી એક જ ઓફિસમાં ત્રણ - ત્રણ તબીબી અધિકારીઓને બેસાડવામાં આવે છે જેથી દર્દીઓના નિંદણમાં અગવડ ઉભી થાય છે અને અવ્યવસ્થા થઈ જતી હોય છે. આ ખાલી જગ્યાઓ સત્વરે ભરી ગરીબ દર્દીઓની હાલાકી દુર કરવામાં આવે તેવી લોકોની માંગણી છે.

આ અંગે ખેડબ્રહ્મા જનરલ હૉસ્પિટલ અધિક્ષક ડૉ. બી. એચ. ઔદિચ્યએ જણાવ્યું હતું કે આ ખાલી જગ્યાઓ અંગે સરકારમાં રજૂઆત કરવામાં આવેલ છે. જે સત્વરે ભરવામાં આવશે.

# ભિલોડા ગ્રામ પંચાયત મત વિસ્તારમાં ગટર લાઈનનું કામકાજ અધુરા મુકાતા પ્રજાજનો પરેશાન

## અમુક સી.સી.રોડ ખખડધજ હોવાના કારણે પ્રજાજનો અને વાહનચાલકો ત્રાહિમામ

ભિલોડા, તા.૧૯

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં રૂર્બન પ્રોજેક્ટ અંતર્ગત રૂા.૧૧ કરોડની માતબર રકમ મંજુર થયેલ છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે ભિલોડા ગ્રામ પંચાયત મતવિસ્તારમાં ગટર લાઈનનું કામકાજ અધુરા મુંકાતા પ્રજાજનો અને વાહન-ચાલકો હેરાન-પરેશાન બન્યા છે. ભિલોડા ગ્રામ પંચાયત મતવિસ્તારમાં આવેલ અમુક એરીયામાં સિમેન્ટના સી.સી.રોડ ખખડધજ બન્યા છે અને સી.સી.રોડ ઉપર મસમોટા ખાડા અને કાદવ-કિચડનું સામ્રાજ્ય ફેલાયું છે જેના કારણે પ્રજાજનો, વાહન-ચાલકો, અબાલવૃધ્ધ, નાના-મોટા સૌ-કોઈ ત્રાહિમામ છે.

ભિલોડા ગ્રામ પંચાયત મતવિસ્તારમાં રૂર્બન પ્રોજેક્ટ અંતર્ગત ગટર લાઈનના કામકાજ દરમ્યાન તોડવામાં આવેલ સિમેન્ટના સી.સી.રોડના કામો કોન્ટ્રાક્ટરો ધ્વારા છેલ્લા કેટલાક મહિનાઓથી અધુરા મુંકાતા ભિલોડાના ગ્રામજનોને પારાવાર મુશ્કેલીઓ સહન કરવી પડે છે.

ગુજરાત રાજ્ય સરકાર, રૂર્બન ગટર યોજના અંતર્ગત ભિલોડામાં વર્ષ.૨૦૧૨માં રૂા.૧૧ કરોડ ગટર યોજના માટે મંજુર કરવામાં આવ્યા હતા. ભિલોડામાં આ ગટર યોજના સંદર્ભે કોન્ટ્રાક્ટર ધ્વારા છેલ્લા કેટલાક મહિનાઓથી ગટર લાઈનનું કામકાજ બંધ કરેલ છે. ભિલોડા ગ્રામ પંચાયત મતવિસ્તારના અમુક વિસ્તારમાં સી.સી.રોડ તોડી નાખવામાં આવેલ છે ત્યારે પાણીની પાઈપ લાઈનો ડેમેજ થયેલ છે ત્યારે પાણીની પાઈપ લાઈનો લીકેજ થયેલ છે જેના કારણે પીવાના પાણીની ક્યારેક-ક્યારેક સમસ્યા સર્જાય છે ત્યારે મહિલાઓ હેરાન-પરેશાન બનતી હોય છે. ભિલોડા ગ્રામ પંચાયત મતવિસ્તારમાં અંડરગ્રાઉન્ડ ગટર લાઈન નાખવા માટે ભિલોડા ગ્રામ પંચાયત હસ્તકના બનાવેલ સી.સી.રોડ તોડી નાખવામાં આવેલ છે જેના કારણે રસ્તાઓ ઉપર મસમોટા ખાડાઓ હોવાના કારણે રસ્તાઓ ઉબડ-ખાબડ બન્યા છે. પ્રજાજનો, વાહન-ચાલકો, રાહદારીઓને અવરજવર કરવામાં ભારે મુશ્કેલીઓ કોન્ટ્રાક્ટરની આળસને કારણે સહન કરવી પડતી હોવાનું લોકમુખે ચર્ચાય છે.

ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ, મનોજભાઈ પટેલ સહિત ગ્રામ પંચાયત સદસ્યોએ ગુજરાત રાજ્ય સરકાર, ગ્રામ પંચાયત મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને સચિવને જણાવ્યું છે કે ભિલોડામાં અંડરગ્રાઉન્ડ ગટર લાઈનના કામકાજના કારણે ભિલોડામાં રસ્તાઓ ખખડધજ બન્યા છે. ભિલોડા ગ્રામ પંચાયત હસ્તકની પીવાના પાણીની પાઈપ લાઈનો, ગટર લાઈનો તોડવામાં આવેલ છે. જેની નુકશાનીની રકમ મંજુર કરાવવા ઉગ્ર ધારદાર રજુઆતો કરેલ હોવા છતાં આજ દિન સુધી પરીણામ શુન્ય આવેલ હોવાનું જાણવા મળેલ છે. ભિલોડા ગ્રામ પંચાયત મતવિસ્તારમાં આવેલ અમુક વિસ્તારોમાં ગટર લાઈન નાખવા માટે સી.સી.રોડ સિમેન્ટના તોડી નાખવામાં આવેલ છે પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓથી ગટર લાઈનનું કામકાજ કોન્ટ્રાક્ટર ધ્વારા બંધ કરવામાં આવતા તોડી નાખેલા સી.સી.રોડ ઉપર કાદવ-કિચડ અને ગંદકીનું સામ્રાજ્ય ફેલાતા રોગચાળો ફેલાવવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. ભિલોડામાં રૂર્બન પ્રોજેક્ટ અંતર્ગત અંડરગ્રાઉન્ડ ગટર લાઈનના કામકાજ દરમ્યાન સિમેન્ટના સી.સી.રોડ આડેધડ તોડી નાખવામાં આવેલા છે. અમુક વિસ્તારોમાં ગટર લાઈનના અધુરા કામ-કાજ કોન્ટ્રાક્ટર મારફતે પુરા નથી કરાતા જેના લીધે નવા ભવનાથ સહિત અમુક વિસ્તાર રસ્તાઓની હાલત બિસ્માર છે. ભિલોડાના પ્રજાજનો પરેશાન બન્યા છે.

## ભિલોડા તાલુકાના ધુલેટા ગામમાં શ્રી બારેશી લીમ્બચીયા સેવા સમાજનો આઠમો સમુહલગ્નોત્સવ યોજાયો

ભિલોડા, તા.૧૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ધુલેટા ગામમાં શ્રી બારેશી લીમ્બચીયા સેવા સમાજ, ભિલોડાનો આઠમો સમુહલગ્નોત્સવ કાર્યક્રમ યોજાયો. શ્રી બારેશી લીમ્બચીયા સેવા સમાજ, સમૂહલગ્ન સમિતી તેમજ નવદંપતીઓના માતા-પિતા ધ્વારા ધામ-ધુમથી યોજાયો હતો. છ નવદંપતીઓએ અગ્નીની સાક્ષીએ સપ્તપદીના ફેરા ફરી ગૃહસ્થ જીવનમાં મંગલમય પ્રવેશ કર્યો હતો.

ભિલોડા તાલુકાના નવા વક્તાપુરવાળા સંત શિરોમણી લાલજી મહારાજ (અખંડ બ્રહ્મચારી તપોનિષ્ઠ), સમારંભ અધ્યક્ષ બી.ટી. શર્મા, સુરેશભાઈ નાયી (પ્રમુખ,દાવલી), મનુભાઈ નાયી (મંત્રી,ભેટાલી) સહિત લીમ્બચીયા સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી બારેશી લીમ્બચીયા સેવા સમાજ, સમૂહલગ્ન સમિતી, પ્રમુખ, મંત્રી, કારોબારી સભ્યો તેમજ લીમ્બચીયા સમાજના અગ્રણીઓએ આઠમો સમૂહલગ્નોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# પ્રાંતિજ તાલુકાના મોટા પોયડામાં મહિલા જાગૃતિ અભિયાન હાથ ધરાયું



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં આવેલા મોટા પોયડા ગામે મહિલા જાગૃતિ અભિયાન અંતર્ગત ત્રિ-દીવસીય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મહિલાઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

મોટા પોયડા ગામની દૂધ મંડળીમાં યોજાયેલ આ કાર્યક્રમમાં મહિલાઓને સાબર ડેરીના મહિલા અધિકારી નીતાબેન પટેલ ચેતનાબેન પટેલે માર્ગદર્શન પુરું પાડ્યું હતું. ગામની મહિલાઓને દૂધના ધંધામાં એકમદીઠ ઉત્પાદન વધારવા, કૃત્રિમ બીજદાન દ્વારા સારી ઓલાદનો ઉછેર કરવા તેમજ સ્વચ્છ દૂધ ઉત્પાદન પુરું પાડી દૂધ મંડળીને પ્રતિકારક બનાવવા માહિતી અપાઈ હતી. આ કાર્યક્રમમાં ગામની મહિલાઓ, દૂધ ગ્રાહકો, ગામના સરપંચ, દૂધ મંડળીના સેક્રેટરી તેમજ મંડળીના કારોબારી સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા દૂધ મંડળીના કારોબારી સભ્યો અને ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# પ્રાંતિજમાં ગ્રાહક અદાલત અને ગ્રાહક જાગૃતિ સેમિનાર યોજાયો


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠાના પ્રાંતિજ ખાતે એક્સ્પેરિમેન્ટલ હાઈસ્કૂલમાં આજે ગ્રાહક હિત સુરક્ષા મંડળ અને પ્રાંતિજના જાયન્ટ્સ ગ્રૂપ દ્વારા ગ્રાહક અદાલત તેમજ ગ્રાહક જાગૃતિ સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં ગ્રાહકોના પ્રશ્નો અંગે ચર્ચા કરાઈ હતી તેમજ પડતર પ્રશ્નોનું નિવારણ કરાયું હતું.

પ્રાંતિજના રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ એક્સ્પેરિમેન્ટ હાઈસ્કૂલ ખાતે ગ્રાહક સુરક્ષા મંડળે જાયન્ટ્સ ગ્રૂપ પ્રાંતિજના સંયુક્ત ઉપક્રમે ગ્રાહક અદાલતનું આયોજન કરાયું હતું. આ દરમિયાન ગ્રાહક જાગૃતિ સેમિનાર પણ યોજવામાં આવ્યો હતો. ગ્રાહક અદાલતમાં ગ્રાહકોના વિવિધ પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું. ગ્રાહક જાગૃતિ સેમિનારમાં ગ્રાહકે વેપારી સાથે કેવી રીતે લેવડ-દેવડ કરવી તેમજ ગ્રાહક બજારમાં કેવી રીતે છેતરાય છે તેવી બાબતો અંગે કાનૂની માપ નિયંત્રક વિજ્ઞાન અને ગ્રાહક બાબતોના નિયામક મેહુલ દવેએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ કાર્યક્રમમાં રાજ્ય કક્ષાના મંત્રી છત્રસિંહ મોરી, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, જાયન્ટ્સ વી. કે. પટેલ, પૂર્વ મંત્રી વી. ડી. ઝાલા, જયેન્દ્રસિંહ રાઠોડ, દીપસિંહ રાઠોડ, કૌશલ્યા કુંવરબા, જાયન્ટ્સ એરિયા ચીફ એન. કે. ડેરીયા અને ગ્રાહક હિત સુરક્ષા મંડળના પ્રમુખ નટુભાઈ બારોટ ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરમાં પ્રાંતિજ તેમજ આસપાસના ગામોમાંથી લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

## લગ્ન માણી રહેલા બે ઈસમોને અંગત અદાવતથી માર મરાયો

પ્રાંતિજ તાલુકાના કમાલપુર ગામે મંગળવારે લગ્ન માણી રહેલા બે ઈસમો પર અંગત અદાવતથી હુમલો કરાતા એક ઈસમ ઈજાગ્રસ્ત થયો હતો. ઈજાગ્રસ્ત વ્યકિતને તાત્કાલિક સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યો હતો. આરટીઆઈ એકટ હેઠળ મંગાવેલ માહિતી અને ફરીયાદના આ કારણે આ બે ઈસમો સાથે ઝઘડો કરી અપશબ્દો બોલવામાં આવ્યા હતા તેમજ ગડદા પાટુનો માર મારવામાં આવ્યો હતો. પારકા લગ્નમાં મોજ માણતા આ ઈસમોને માર પડતા એક ઈસમને ઈજા થઈ હતી જેથી તેને હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. પ્રાંતિજ પોલિસે બનાવની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## જગન્નાથપુરાની પરણિતા પાસે સાસરીયાઓએ દહેજ પેટે પાંચ લાખની માંગણી કરતા પોલીસ ફરિયાદ

ઊંઝા, તા. ૧૯

ઊંઝા તાલુકાના જગન્નાથપુરાની પરણિત યુવતી પાસે સાસરીયાઓએ દહેજ પેટે રૂપિયા પાંચ લાખની માંગણી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવા અંગે પોલીસમાં ફરિયાદ નોંધાયેલ છે.

ઊંઝા તાલુકના જગન્નાથપુરા ગામની પટેલ રીનાબેન પ્રકાશભાઈના લગ્ન પાટણ તાલુકાના હાંસાપુર ગામના પટેલ પાર્થ હસમુખભાઈ સાથે એક વર્ષ અગાઉ થયા હતા. લગ્ન બાદ સાસરી પક્ષના માણસોએ મહેણા ટોણાં મારવાનું શરુ કરી દહેજે પેટે રૂપિયા પાંચ લાખની માંગણી કરી હતી અને સાથે સાથે જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આથી પરણિતાએ ઊંઝા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે પતિ સહિત ચાર જણાઓ વિરૂધ્ધ કાયદેસર ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગોઝારીયા તાલુકાને રદ્ કરવાના નિર્ણય સામે ગોઝારીયાના ગ્રામજનોએ બંધ પાળ્યો

મહેસાણા, તા. ૧૯

મહેસાણા જિલ્લાના ગોઝારીયા તાલુકાને રદ્ કરવાના સરકારના નિર્ણયથી નારાજ થયેલ ગોઝારીયાના આગેવાનો અને ગ્રામજનોએ આપેલ ગોઝારીયા બંધના એલાન મુજબ આજે ગોઝારીયામાં સંપૂર્ણ બંધ પળાયો હતો.

ગઈકાલે ગ્રામજનોએ પ્રતિક ઉપવાસ કર્યા હતા. તેમ છતાં તાલુકા સંદર્ભે યોગ્ય ન થતાં સરકારના નિર્ણયથી ગુસ્સે ભરાયેલ આગેવાનો ગ્રામજનોએ આજે બંધનું એલાન આપ્યું હતું. જેથી આજે ગોઝારીયાના બજારો, તમામ દુકાનો, ઔદ્યોગિક એકમોએ બંધ પાળી તાલુકો બનાવવાની માંગણીને સમર્થન આપ્યું હતું.

દરમિયાન ગોઝારીયા ગામના આગેવાનોએ નક્કી કર્યું છે કે, ગોઝારીયા તાલુકાને સત્વરે કાર્યરત કરવામાં નહીં આવે તો આગામી સમયમાં દિલ્હી જતંરમંતર ખાતે આગેવાનો અને ગ્રામજનો દ્વારા ધરણાંનો કાર્યક્રમ આપશે. તાલુકાની માગણીને પગલે રાજ્ય સરકાર સામે લોકોમાં ઘેરા અસંતોષની લાગણી ફેલાઈ છે અને આગામી લોકસભા ચૂંટણીમાં આની વિપરીત અસર પડશે તેવી સ્થિતિ પેદા થઈ છે.

## પ્રાંતિજમાં મહાકાલી માતાજીનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મહાકાલી માતાજીના મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ ભોઈ સમાજના સભ્યો દ્વારા પાટોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ હતી. આ પાટોત્સવમાં શિગોડી ભોઈ સમાજના માઈભક્તો ઠેર ઠેરથી ઉમટી પડ્યા હતા.

પ્રાંતિજના શિગોડી ભોઈ મહોલ્લામાં આવેલ શ્રી મહાકાલી માતાજીના મંદિરે તા. ૧૮મી ફેબ્રુઆરી મંગળવારે ભવ્ય પાટોત્સવનું આયોજન કરાયું હતું. અમદાવાદ, હિંમતનગર, ઈડર, મોડાસા અને વિવિધ સ્થળોએથી આ પાટોત્સવમાં ભાગ લેવા શિગોડી સમાજના માઈભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. પોતાના ધંધા-રોજગારમાં રજા રાખી વહેલી સવારથી ઉમટી પડેલા ભોઈ સમાજના ભક્તો દ્વારા દિવસ દરમિયાન પૂજા, હવન અને આરતી જેવા ધાર્મિક પ્રસંગો હાથ ધરાયા હતા. આ પાટોત્સવમાં ભોજન પ્રસાદની વ્યવસ્થા કરાઈ હતી તેમજ રાત્રે રાસ-ગરબાનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામ્સ મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન